

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

PRABHAT EDUCATION FOUNDATION

JULY 2022 | Issue No. 32 | Monthly Newsletter

# અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિતવર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્તવયના લોકોના માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે:- પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકેસી દ્વારા નેટવર્કિંગ.
પ્રભાતે એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું, અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.



મારા ટીચર મારા ઘરે વિઝીટ માટે આવે એ મને ગમે!

જ્યારે તમે પ્રભાત સંસ્થાના વટવા સેન્ટરના પ્રાયમરી વિભાગની મુલાકાત લેશો, ત્યારે તમને ત્યાં એક ચશ્મા પહેરેલો નાનકડો બાળક જે થોડો વિચલિત જોવા મળશે, તમે જેવા તેની બાજુમાં બેસવા જશો ત્યારે તે તમારો હાથ પકડી લેશે અને જ્યાં સુધી તમે પોતાના હાથને જબરદસ્તીથી નહીં છોડાવો ત્યાં સુધી પકડી રાખશે! તે નાનો બાળક હસન હેમીપેરેસીર સેરેબ્રલ પાલ્સી ધરાવે છે. મગજના લકવાના આવા લક્ષણો કારણભૂત બની શકે: સ્નાયુઓની નબળાઈ અથવા શરીરની એક બાજુ પર આંશિક લકવો કે જે હાથ, પગ અને ચહેરાના સ્નાયુઓને અસર કરી શકે છે.



સંસ્થામાં એડ્મીસન લીધું તે સમયે બાળક તેના ડાબા ખભાને 90 ડિગ્રીથી ઉપર ઉઠાવી શકતો ન હતો. આ સાથે તેના હાથના આગળના ભાગની અને કાંડાની હલનચલનની પ્રક્રિયા નબળી હતી, તેની ફાઈન મોટરની પ્રક્રિયા પણ નબળી હતી અને તે માત્ર થોડીક સેંકન્ડ માટે મોટી વસ્તુઓને પકડી શકતો હતો. માચીસની સળીઓ, સોય જેવી નાની વસ્તુઓને પકડવી તેનાથી શક્ય ન હતી. અસ્પષ્ટ સ્પીચ સાથે બાળકને ચાલવામાં પણ પ્રોબ્લેમ હતો અને દોડવું તો તેના માટે મુશ્કેલીભર્યું જ હતું. હસને 8 વર્ષની ઉંમરે સંસ્થામાં એડ્મીસન લીધું હતું અને તે સમયમાં તે કંઈપણ કરવામાં અથવા કોઈને મળવામાં ખૂબ જ અચકાતો હતો, પરંતુ સેન્ટરમાં રંગબેરંગી રમકડાં અને અલગ-અલગ રમતો, એક્ટીવીટીઓ જોઈને અમને તેની આંખોમાં ચમક દેખાતી હતી. ધીમે-ધીમે તે જગ્યાથી ટેવાવા લાગ્યો, પણ તે તેની મમ્મી પર નજર રાખતો. તેને ડર હતો કે મમ્મી મને છોડીને જતી રહેશે. ત્યારબાદ ધીમે-ધીમે સંસ્થાના શિક્ષકોએ તેને સરળ પ્રવૃતિઓ કરવા માટે પ્રેરિત કર્યો અને મેં પણ તેને કેટલીક સરળ અને સ્થિર કસરતો કરવામાં મદદ કરી.




હસને નિયમિતપણે એકેડેમીક લર્નિંગ અને થેરાપી માટે સેન્ટર પર આવવાનું શરુ કર્યું. અને આઠ મહિનાના ટૂંકા ગાળામાં નિયમિત કસરતો જેમ કે, સ્ટ્રેચિંગ, બેલેન્સીંગ અને કોર્ડીનેશનની કસરતો, સરળ થેરાપીના કારણે તેનામાં નોંધપાત્ર ડેવલપમેન્ટ જોવા મળ્યું. આજે હસનના ખભાની સ્થિતિમાં ઘણો સુધારો જોવા મળ્યો છે. તે પડયા વગર દોડી શકે છે, તેનું બેલેન્સ લેવલ પણ સુધારા તરફ ગયું છે. તે હવે બેલેન્સ બોર્ડ પર પોતાને સંતુલિત કરી શકે છે. તે ઉપરાંત તેની પકડવાની ક્ષમતામાં પણ સુધારો થયો છે અને હવે તે લાંબા સમય સુધી વિવિધ કદની વસ્તુઓ પકડી શકે છે.

મને તેની સારવાર કરવામાં ખૂબ આનંદ આવે છે કારણ કે જ્યારે હું ફિઝિયોથેરાપી રૂમમાં જઉં ત્યારે તે મને ગળે મળે તથા સ્માઈલ અને ખૂબ જ ઉત્સાહ સાથે મારું સ્વાગત કરે છે. અને પછી બંને હાથ ઉપરની તરફ ઉભા કરે અને કહે "ટીચર કસરથ, ટીચર કસરથ."

-કે. કવિથા
ફિઝિયોથેરાપીસ્ટ

(વ્યાખ્યા: હેમીપેરેસિસ સેરેબ્રલ પાલ્સી એ સ્પાસ્ટિક સેરેબ્રલ પાલ્સીનું એક સ્વરૂપ છે જેમાં શરીરની જમણી કે ડાબી બાજુનો એક હાથ અને પગ અસરગ્રસ્ત થાય છે. હેમીપેરેસિસ સેરેબ્રલ પાલ્સી એ ટર્મ પર જન્મેલા બાળકોમાં સૌથી સામાન્ય સેરેબ્રલ પાલ્સી સિન્ડ્રોમ છે.)

https://www.instagram.com/prabhat_education_foundation/ https://www.youtube.com/channel/UCe1oxuBWMDvyCRk2EPzzjlA

https://www.facebook.com/Prabhateducationfoundation https://prabhateducationfoundation.org/

**આંખની તપાસ અને ચશ્માંનું વિતરણ:** સંસ્થા પોતાના બાળકો માટે અલગ-અલગ કેમ્પનું આયોજન કરતી હોય છે. ડૉ. બ્રિન્દા શાહના સહકારથી સંસ્થા દ્વારા બાળકોની આંખની તપાસ કરી ચશ્માંના વિતરણની નિયમિતપણે પહેલ શરુ કરી છે. જેમાં આ મહિને 12 બાળકોની આંખની સંપૂર્ણ તપાસ કરવામાં આવી અને ગયા મહિને જે બાળકોને આંખની તપાસ કરી હતી તેવા 20 બાળકોને ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું.

**એક દિન પ્રભાત કે નામ:** સંસ્થાના બાળકો સાથે સંસ્થાના મિત્રો અને શુભેચ્છકો પોતાના જન્મદિવસ અને ખાસ દિવસની ઉજવણી કરે છે તે પહેલમાં દરેકના પ્રેમની લાગણી અનુભવાય છે. આ મહિને સંસ્થામાં આવી 4 ઉજવણી કરવામાં આવી છે. આ ઉજવણીથી બાળકોમાં આત્મવિશ્વાસ વધતો હોય છે, જે તેમના સર્વાંગી વિકાસને વેગ આપે છે.

**બડી ઈન્ટરેક્સન:** બડી ઈન્ટરેક્સન પ્રવૃત્તિના ભાગરૂપે અને નાગરિકતાના કારણે, રિવરસાઈડ સ્કૂલના ધોરણ-6ના સ્ટુડન્ટ્સે સંસ્થાની મુલાકાત લીધી અને સંસ્થાના બાળકોના ઘરની પણ મુલાકાત લઈને કમ્યુનીટીની ઊંડી સમજણ કેળવી હતી. જેમાં કેટલાક રિવરસાઈડના વાલીઓ પણ જોડાયા હતા.

**સ્પીચ થેરાપી:-** વિકલાંગતા ધરાવતા બાળકના સર્વાંગી વિકાસમાં સ્પીચ થેરાપી મહત્વની ભૂમિકા ભજવે છે. સ્પીચથેરાપીને કારણે સામાજિક કૌશલ્યો, સંદેશાવ્યવહારમાં સુધારો આવે છે, સમાજ સાથે વધુ સારી રીતે સામનો કરવા અને રોજિંદા જીવનમાં કાર્ય કરવા સક્ષમ બનાવે છે. બાળકોને જરૂરી હોય તેવા સમયે શક્ય હોય તેટલી વહેલી સ્પીચથેરાપી શરુ કરવાની ભલામણ કરવામાં આવે છે. આ મહિને સંસ્થામાં અર્લી-ઈન્ટરવેન્શનના બાળકો માટે વિવિધ સરળ કસરતો દ્વારા સ્પીચથેરાપી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

**પેરેન્ટ્સ મીટીંગ:** આ મહિનાની પેરેન્ટ્સ મીટીંગ દરેક બાળકના પ્રોગ્રેસ રીપોર્ટ શેર કરવા અને મોટા બાળકોના પેરેન્ટ્સ સાથે વોકેશનલ યુનિટ અને તેના વિસ્તાર અંગે ચર્ચા કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

**વોલિયન્ટર્સ:-** હાલમાં સંસ્થામાં N.M.I.M.S, P.D.P.U, ગુજરાત લૉ સ્કૂલ, L.J. સ્કૂલ ઑફ લૉ, અમદાવાદ યુનિવર્સિટી, ગુજરાત વિદ્યાપીઠ અને N.I.D તરફથી વોલિયટર્સ આવીને કામગીરી કરી રહ્યા છે. આ તકો કારણની હિમાયત કરવા માટે એક અદ્ભુત મેદાન છે, જેઓ આગળ પ્રભાતના રાજદૂત(એમ્બેસેડર) બન્યા છે. તમે તેમનું કાર્ય અહીં જોઈ શકો છો: https://prabhateducationfoundation.org/ways-you-can-help-prabhat/



**સહાય અને ઉપકરણોનું વિતરણ:-** આ મહિને સંસ્થા દ્વારા 10 બાળકોને બગલઘોડી અને વહીલચેરનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**સહાયક સેવાઓ:-**
સિવિલ સર્ટી.: 15
રેલે-પાસ: 10
એસ.ટી.પાસ: 20
પેન્શન-યોજના: 05
બેન્ક એકાઉન્ટ: 10

સબા કહે છે, "ભાઈ આજકલ બિલકુલ ટાઈમ પર તૈયાર હો જાતે હૈ, સન્ડે કો ભી!" સબા આદિલની નાની બહેન છે. પ્રભાત સંસ્થાના વોકેશનલ યુનિટમાં તાલીમ પૂર્ણ કર્યા પછી, આદિલે 2 મહિના પહેલા કાપડના કારખાનામાં કામ કરવાનું શરૂ કર્યું. આદિલ 27 વર્ષનો છે, તેને ગાવાનું પસંદ છે! પ્રભાત સંસ્થા ઇચ્છતી હતી કે તે બહાર જઈને સામાન્ય કાર્યક્ષેત્રમાં કામ કરે અને આજે તે ફેક્ટરીમાં નિયમિત છે, તેના સાથીદારો સાથે ખૂબ સારી રીતે ભળે છે અને ખંતથી કામ કરે છે. તેને પોતાના નાણાકીય આત્મનિર્ભરતા પર ગર્વ છે. તેને મળેલા પહેલા પગારમાંથી તેને પરિવારનાં દરેક સભ્ય માટે ગિફ્ટ ખરીદી હતી. સબાને પણ હવે સંસ્થામાં તાલીમ આપવામાં આવી રહી છે. વોકેશનલ યુનિટ બૌદ્ધિક વિકલાંગતા ધરાવતા પુખ્ત વયના લોકોની વ્યવસાયિક ક્ષમતાઓના નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

# ફોટો-ગેલેરી



પેરેન્ટ્સ મીટીંગ



ગેમ દ્વારા લર્નિંગ



ચશ્માં વિતરણ



કોફી વિથ રિવરસાઈડ સ્કૂલ



એક દિન પ્રભાત કે નામ।



"લાગણી માટેનો બીજો શબ્દ એટલે પેઈન્ટીંગ."



બડી ઈન્ટરેક્સન દરમ્યાન હોમ-વિઝીટ



ફિઝિયોથેરાપી




રોજિંદા જીવનની સ્કીલ શીખવી

**PRABHAT EDUCATION FOUNDATION**
A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows,
Ramdevnagar,
Ahmedabad-380015.

**Phone:** +91 - 79 - 4890-3054;
**Mobile:** +91 9825009427
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org

PRABHAT EDUCATION FOUNDATION